# વલસાડની ઇજનેરી કોલેજ માં જી-૨૦ થીમ પર બે સેમીનાર યોજાયા






સરકારી ઇજનેરી કોલેજ વલસાડ ખાતે જી-૨૦ ની થીમ પર તા. ૨૩/૦૧/૨૦૨૩ ના રોજ બે સેમીનાર યોજાયા. આ પ્રસંગે ઉદબોધન મિકેનિકલ ખાતાના વડા અને ઇન્ચાર્જ આચાર્ય ડો. વી. ડી ધીમને કર્યું હતું. પ્રથમ સેમિનારમાં ડો. બી આર સુદાણી એ પર્યાવરણ અંગે SDG ના ૧૭ મુદ્દાઓ વિશે અવગત કર્યું. જેનું સંચાલન પ્રો. મીતા પી. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. દ્વીત્તીય સેમિનાર સિવિલ ઇજનેરી વિભાગ દ્વારા બિટ્યુમિનના ઉપયોગો વિશે યોજવામાં આવ્યો હતો. જેમાં IOCL માંથી વક્તા તરીકે ડો. આશુતોષ દેવુલકર હતા. તેમજ IOCL માંથી નવીન કુમાર, દેવેન્દ્ર પાટીલ, શુભમ શાહ પણ હાજર રહ્યા હતા. આ સેમિનારનું સંચાલન પ્રો. ધવલ બારોટ, પ્રો  ડી.જે પટેલે  સંસ્થાના આચાર્ય ડો. વી. એસ પુરાણીના માર્ગદર્શનમાં સફળ રીતે કર્યું હતું. કાર્યક્રમમાં ૧૫૦ વિદ્યાર્થિયો અને ૧૦ પ્રોફેસરોએ ભાગ લીધો હતો.